# મોદી વારાણસીમાંથી પણ વિજયી બનશે




## રાહુલ અમેઠીમાંથી તો હેમામાલીની મથુરામાંથી, સુષ્માસ્વરાજ વિદિશામાંથી વિજય બનશે : જ્યોતિરાદત્ય સિંધિયા હારના પંથે : મેનપુરીમાં મુલાયમ નિશ્ચિત પણ આઝમગઢમાં મુશ્કેલીઓ : અમૃતસરમાં જેટલીને પણ મુશ્કેલી

ગાંધીનગર, તા. ૧૩

એવીપી ટીવી પર પ્રસારિત થયેલા વીઆઈપી એક્ઝીટ પોલમાં વારાણસી બેઠક પર પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનો વિજય નિશ્ચિત બતાવવામાં આવ્યો છે.

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના સુપ્રિમો મુલાયમસિંહ યાદવના આઝમગઢ પર વિજય પર ખતરો હોવાનું આ એક્ઝીટ પોલમાં દર્શાવાયું છે.

તો ઉત્તરપ્રદેશમાં મથુરાની સીટ પર હેમામાલીનીનો વિજય થતો અને બાગપતની સીટ પર અજીતસિંહને હારતા દર્શાવાયા છે.

અમેઠીની બેઠક પર કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને જીતતા બતાવાયા છે. જો કે અહિ સ્મૃતિ ઈરાની બીજા ક્રમે રહેશે તેમ દર્શાવાયું છે. અમૃતસરની સીટ પર ગુજરાતના રાજસભાના સભ્ય શ્રી અરૂણ જેટલી પર અરૂણ જેટલી પર પણ ખતરો હોવાનુ દર્શાવાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

કર્મ તો કામધેનું છે.. એને દોહતા આવડે તો આનંદરૂપી દૂધ મળે છે

- કર્મસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૬૩ | ૧૪ મે, ૨૦૧૪, બુધવાર; વૈશાખ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નવા મુખ્યમંત્રીની જાહેરાત ૧૬મીએ દિલ્હીથી થશે

અમદાવાદ, તા. ૧૩

લોકસભાની ચૂંટણીની લાંબી કવાયત પૂર્ણ થયા બાદ એક્ઝિટ પોલના તારણોમાં ભાજપના નેતૃત્વમાં એનડીએની જીત દર્શાવવામાં આવતા ગુજરાતના નવા મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. ગુજરાતના નવા મુખ્યમંત્રીપદે મહેસુલમંત્રી આનંદીબેન પટેલનું નામ લગભગ નિશ્ચિત છે પરંતુ એકાએક કેટલાક કદાવર નેતાઓનું નામ પણ મુખ્યમંત્રીપદની દોડમાં પડદા પાછળથી આગળ આવતા આખરે આ નિર્ણય ભાજપના હાઈકમાન્ડ પર છોડી દેવાયો છે અને ચૂંટણી પરીણામના દિવસે તા. ૧૬મી મે ના રોજ સાંજે ચાર વાગે મળનારી ભાજપની કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં જ ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત થશે તેમ જાણવા મળે છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે ગાંધીનગર ખાતે ભાજપના ધારાસભ્યોની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામની સેન્સ લેવાશે તેવી અટકળો વહેતી થઈ હતી. પરંતુ ગુજરાત ભાજપના પ્રવક્તા અને રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય વિજય રૂપાણીએ એવી ભારપૂર્વક સ્પષ્ટતા કરી હીત કે ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે કોણ આવશે તેની ચર્ચા ૧૬મી મે ના રોજ જાહેર થનારા પરીણામ પછી જ થશે. અને ભાજપની કેન્દ્રિય પાર્લામેન્ટરી બોર્ડમાં નક્કી થયા મુજબ જ તેની જાહેરાત કરાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બોલાવેલી ધારાસભ્યોની બેઠકમાં આવનારા દિવસોમાં રાજ્યભરમાં શરૂ થનારા કૃષિ મહોત્સવ તથા જૂનમાં થનારા કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ વિશે વિસ્તૃત ચર્ચા અને આયોજનની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં પાંચ હજારથી વધુ ઈવેન્ટમાં ભાગ લીધો હોવાથી તેમણે હાલમાં થોડા દિવસ આરામ કરવાની જરૂર હતી તેવું હું વ્યક્તિગત રીતે માનું છું પરંતુ નરેન્દ્ર મોદીએ આરામ કર્યા સિવાય રાબેતા મુજબની કામગીરી શરૂ કરી દીધી છે જેમાં આજે ખાસ કરીને સૌરાષ્ટ્રના પાણી વ્યવસ્થાપનની સમીક્ષા કરવા ઉચ્ચ અધિકારીઓ સાથે પણ બેઠક યોજી હતી.

દરમિયાન સુત્રોએ જણાવ્યું હતું કે આજે સવારે પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં પક્ષની કોર ગ્રુપની બેઠક ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે મળી હતી.

### ગણપત વસાવા નવા મુખ્યમંત્રી બનાવવાનો ઈશારો

ગાંધીનગર, તા. ૧૩

આજે ગાંધીનગર ખાતે યોજાયેલ ધારાસભ્યોની બેઠકમાં મુખ્યમંત્રીએ ડાયસ પર અન્ય કોઈ કેબિનેટ મિનિસ્ટરને ન બેસાડતા માત્ર વનમંત્રી ગણપત વસાવાને સ્થાન આપ્યું હતું. રાજકીય નિષ્લેશકો આનો અર્થ એમ સમજે છે કે, રાજ્યના નવા મુખ્યમંત્રી પદે ગણપત વસાવાની પસંદગી થશે એવો ઈશારો મુખ્યમંત્રીએ આપ્યો હોવાનું મનાય છે.

### આજે રાજનાથ, ગડકરી, જેટલી ગાંધીનગર આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૩

લોકસભાની ચૂંટણીના મતદાન પછી મતગણતરીને આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે આગળની રણનીતિ નક્કી કરવા માટે ભાજપના ત્રણ રાષ્ટ્રીય નેતાઓ રાજનાથસિંઘ, અરૂણ જેટલી અને નીતિન



ગડકરી ગાંધીનગર આવી રહ્યા છે.

આ ત્રણેય નેતાઓ ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી પદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદી સાથે ચર્ચાઓ કરશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ આ બેઠકમાં લોકસભાના પરિણામો જાહેર થયા બાદ આગળની રણનીતિ પક્ષની શું હશે તેના પર વિચારણા કરી નિર્ણય કરશે.

લોકસભાની ચૂંટણીના જે જે એક્ઝીટ પોલ આવ્યા છે તે બધામાં એન.ડી.એ.ને બહુમતિ મળી રહી છે જે સ્પષ્ટ થઈ ચુક્યું છે. હવે નવી સરકારની રચના સહિતના મુદ્દાઓ આ ચર્ચામાં મુખ્ય હશે તેમ મનાઈ રહ્યું છે.

ભાજપના ત્રણેય કેન્દ્રિય નેતાઓ ગાંધીનગર આવી રહ્યા હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

### મનમોહનસિંઘ ૧૭મીએ વિદાય સંબોધન કરશે

પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંઘ ૧૭મીએ



રાષ્ટ્રજોગ વિદાય સંબોધન કરશે. ૧૦ વર્ષ સુધી દેશના પ્રધાનમંત્રી પદે નિષ્ઠાપૂર્વક કાર્યરત ડૉ. મનમોહનસિંઘ પોતાની વિદાય વેળાએ અર્થાત ૧૭મીએ દેશવાસીઓને પોતાની ઉપલબ્ધિઓ વિશે સંબોધન કરશે. રાજકીય ફલક પર ડૉ. સિંઘના આ સંબોધનને ગંભીરતાથી લેવાય છે.

### ● સોનિયા ગાંધી રાષ્ટ્રપતિને મળ્યા


લોકસભાની ચૂંટણીના



પરિણામ પૂર્વે અને એક્ઝિટ પોલના તારણો બાદ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને આજે મળ્યા હતા. એમ મનાય છે કે કોંગ્રેસ પક્ષ વતી રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કરવા તથા આગામી વર્ષોમાં કોંગ્રેસ દેશના વિકાસમાં સાથ આપશે તેવી ખાતરી આપતી વાતની ચર્ચા બંને વચ્ચે થઈ હતી.

### ● પૂર્વ ગૃહ સચિવ આર.કે. સિંહ મંત્રી બનવા તૈયાર

પૂર્વ કેન્દ્રિય ગૃહ સચિવ



આર.કે. સિંહે આજે એક ન્યુઝ એજન્સી પાસે વાતચીત કરતા જણાવ્યું હતું કે જો તેમને કહેવામાં આવશે તો તેઓ કેન્દ્રિય મંત્રીમંડળમાં જોડાવવા તૈયાર છે. વધુમાં તેમણે વિભાગ અંગે ઈશારો કરતા જણાવ્યું હતું કે ગૃહ કે સંરક્ષણ વિભાગમાં અનુભવ અને જાણકારી પ્રમાણે સારો ન્યાય આપી શકુ છુ.


## જોઈએ છે

**એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ**

કંપનીનું સ્વતંત્રપણે બેન્કીંગ અને એકાઉન્ટીંગનું કામકાજ સંભાળી શકે તેવા ૩ વર્ષ કે વધુ અનુભવી.

સંપર્ક : સંગીનીતા કેમીકલ્સ પ્રા. લી.

૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

તા. ૧૬/૫/૧૪, સમય ૧૧-૩૦ કલાકે


# ગાંધીનગર બેઠકનું પહેલું પરિણામ સવારે ૧૦ વાગ્યે

## શુક્રવારે ૨૩ રાઉન્ડમાં મતગણતરી : ૧૨૦૦ કર્મચારીઓને ફરજ : પ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી બાદ ઈ.વી.એમ.ના મતોનું કાઉન્ટીંગ થશે : સવારે ૧૦ વાગ્યા સુધીમાં ગાંધીનગર બેઠકનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે

ગાંધીનગર, તા. ૧૩

લોકસભાની હાઈપ્રોફાઈલ ચૂંટણીજંગને અનુલક્ષી તા. ૧૬ મે ના રોજ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. જ્યારે મતગણતરીને લઈને જરૂરી તમામ પૂર્વતૈયારીઓ હાથ ધરી દેવાઈ છે. ગાંધીનગરની બેઠક માટે પણ સે. ૧૫ સ્થિત સરકારી કોલેજ ખાતે ૧૬મીએ ૮ વાગ્યાથી મતગણતરીની પ્રક્રીયા હાથ ધરાશે. મતગણતરીની કાર્યવાહી માટે ૧૨૦૦ જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. વિવિધ ૧૪ ટેબલ પર ૨૩ રાઉન્ડમાં ૭ વિધાનસભા બેઠકોની અલગ અલગ મતગણતરી હાથ ધરવામાં આવશે.

છેલ્લા બે મહીનાથી ચૂંટણી ચકરાવોની તેજ ગતિવિધિઓ વચ્ચે રાજકીય ગરમાવો જોવા મળ્યા બાદ બે દિવસના અંતે ચૂંટણી પરિણામ જાહેર થવાના છે. એક્ઝીટ પોલના તારણો અને રાજકીય તર્ક-વિતર્કની સાથે તમામ રાજકીય પક્ષો પોતાની જીતનો દાવો કરી રહ્યા છે. આવા સંજોગોમાં ૧૬ મે ના રોજ દૂધનુ દૂધ અને પાણીનું પાણી થઈ જશે. લોકસભાની ચૂંટણીને અનુલક્ષી વિવિધ ૯ તબક્કામાં હાથ ધરાયેલી મતદાનની પ્રક્રિયાના અંતે ૧૬મીએ તમામ બેઠકોનું પરિણામ જાહેર થનાર છે. આવા સંજોગોમાં રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાયો છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાંથી પણ ભાજપના રાષ્ટ્રીય નેતા અડવાણીના ભાવિનો ફેંસલો થવાનો હોવાથી આ બેઠકના પરિણામ ઉપર પણ દેશવાસીઓની નજર મંડરાયેલી છે. બે દિવસ બાદ મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જ્યારે કાઉન્ટીંગ પૂર્વે તંત્ર દ્વારા પણ સે. ૧૫ સ્થિત સરકારી કોલેજમાં જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે.

૧૬ મે ના રોજ મતગણતરીને અનુલક્ષી ૧૨૦૦ કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. વિવિધ ૧૪ ટેબલ પર જુદા જુદા ૨૩ રાઉન્ડમાં ગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. મતગણતરીના પ્રારંભે સવારે ૮ વાગે પોસ્ટલ બેલેટની મતગણતરી હાથ ધરાશે ત્યારબાદ ૭ વિધાનસભા બેઠકોની અલગ અલગ મતગણતરી હાથ ધરાશે. જેમાં ઈ.વી.એમ. મશીનમાં કેદ થયેલા મતોની ગણતરી થશે. સવારે પ્રથમ બે કલાકના અંતે ૧૦ વાગ્યા સુધીમાં ગાંધીનગર બેઠકનું પરિણામ લગભગ સ્પષ્ટ થઈ જશે.

### આકાશમાં અનોખા રંગો સાથે વાતાવરણમાં ભીની માટીની સુગંધ રેલાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં આ વખતનો મે મહિનો અનોખા રંગ બતાવી રહ્યો છે. ક્યારેક કાળઝાળ ગરમી તો ક્યારેક વાદળોથી ભરેલુ આકાશ, ક્યારેક મસ્ત લહેરાતો પવન તો ક્યારેક ભીની માટીની સુગંધ. આજે બપોર સુધી વાતાવરણમાં 'બાફ' અનુભવાતો હતો તો સાંજે વાતાવરણે એકાએક પલટો લીધો અને એક ખુશ્નુમા ઠંડક સાથે સર્વત્ર ભીની માટીની સુગંધ છવાઈ ગઈ. આકાશ પણ અવનવા રંગોથી જાણે દીપી ઉઠ્યુ અને નગરજનો સાંજે આ આલ્હાદક મૌસમને માણવા ધાબે ચઢી ગયા.

વાતાવરણ અચાનક બપોર પછી વાદળછાયુ બની ગયું અને પવન ફુંકાવા લાગ્યો અને થોડીવાર માટે ક્યાંક ધીમી વાદળ ગર્જના પણ સંભળાઈ. લગભગ સાત વાગ્યાના સુમારે આકાશ અજબગજબ રંગોથી ચમકવા લાગ્યુ અને ઠંડા પવનની ભારે લહેરખીઓ રેલાવા લાગી જેમાં દૂર ક્યાંક વરસાદ પડ્યો હોય તેમ ભીની માટીની સુગંધ ફેલાઈ જતા નગરજનો આશ્ચર્યમાં મુકાઈ ગયા. આકાશમાં રેલાયેલા અવનવા રંગો જોવા ઘણા નગરજનો તો ધાબે પણ ચઢી ગયા તો ગૃહિણીઓ ફટાફટ બહાર સુકાતા કપડા સમેટી લેવા માંડ્યા. દર વર્ષે મે મહિનામાં આકરો તાપ વેઠતા નગરજનો આ વખતે કુદરતના આ અનોખા રંગ-ઢંગ જોઈને અચંબામાં પડી ગયા છે.

# આખુ અઠવાડિયુ વાદળછાયુ વાતાવરણ રહેશે

## ગરમીમાં ઘટાડો થયો પરંતુ બફારો વધ્યો : મંગળવારે વાદળો છવાયા પણ વરસ્યા નહી

ગાંધીનગર, તા. ૧૩

ગરમીથી ત્રસ્ત લોકોને બે દિવસથી આંશિક રાહત મળી છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં અચાનક પલ્ટો આવી જાય છે. જેના કારણે ગરમીમાં ઘટાડો થયો છે. પરંતુ બફારો વધ્યો છે. આગામી એક અઠવાડિયા સુધી વાદળછાયુ વાતાવરણ રહેવાની સંભાવના છે.

હાલમાં પાકિસ્તાન ઉપર એક અપર એર સાયકલોનિક સરક્યુલેશનરૂપે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છવાયેલું છે. જે ઉત્તર પૂર્વિય દિશા તરફ સરકતા આજે અમદાવાદ-ગાંધીનગર સહિત ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આજે વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ. તેવી જ રીતે બીજુ એક અપરએર સાયકલોનીક સરક્યુલેશન ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનમાં ૯૦૦ મીટર ઉંચાઈએ છવાયેલું છે. આ બેબે સીસ્ટમની અસરથી આગામી ૧૫મી સુધી ગુજરાત, રાજસ્થાન, જમ્મુ-કાશ્મિર, દિલ્હી અને હિમાચલપ્રદેશમાં થોડોક વરસાદ પડી શકે છે. હાલમાં વાદળછાયુ વાતાવરણ રહેતા શહેરમાં ગરમી ઘટી છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી ઓછુ રહ્યુ હતુ. જો કે બફારો વધતા અકળામણ વધી હતી. હાલમાં સામાન્ય કરતા એકથી બે ડિગ્રી જેટલુ ઓછુ તાપમાન નોંધાયું હતું. આગામી દિવસોમાં થોડીક ગતિ સાથે પવન ફુંકાશે અને કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ પણ પડશે.



(તસવીર : કશ્યપ નિમાવત)